## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હે મહાબલી..., અમારા પ્રશ્નપત્રની રક્ષા કરજે. એટલી જ અરજ છે...!!

# આદરજ મોટી ગામમાં ચાલતા વરલી મટકાના અડ્ડા પર એલસીબીનો દરોડો

### પાંચ જુગારી ગ્રાહકો તથા અડ્ડો ચલાવતા શકુનિ સહિત છ શખ્સોની ૨૫ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા.૩

પેથાપુર નજીક આવેલા આદરજ મોટી ગામમાં મહાદેવ વાળા વાસમાં વરલી મટકાના જુગારનો અડ્ડો ચાલતો હોવાની બાતમીના આધારે ગઈકાલે સાંજે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડ્યો હતો. ઘર આંગણે જ વરલીના જુગારનો અડ્ડો ચલાવી રહેલા કાનાજી ઠાકોર સહિત અન્ય પાંચ ગ્રાહકો મળી કુલ છ શખ્સોને વરલી મટકાનો જુગાર રમતા અને રમાડતા એલસીબીની ટીમે પકડી પાડ્યા હતા. એલસીબીએ રૂ.૨૫ હજારના મુદ્દામાલ સાથે તમામ છ આરોપીઓની ધરપકડ કરીને તેમની સામે પેથાપુર પોલીસમથકમાં ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલ તથા તરલ ભટ્ટની ટીમો જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી જિલ્લામાં ચાલતી દારૂ-જુગારની પ્રવૃત્તિઓને સદંતર બંધ કરાવવા સક્રિય થઈ છે ત્યારે ગઈકાલે સાંજે પેટ્રોલિંગમાં રહેલી એલસીબીની ટીમ ને પેથાપુર પાસે આવેલી આદરજ મોટી ગામમાં ધમધમી રહેલા વરલી-મટકાના અડ્ડા અંગે માહિતી મળી હતી. આ માહિતીના આધારે એલસીબીની ટીમે આદરજ મોટી ગામમાં મહાદેવ વાળા વાસમાં રહેતા કાનાજી ઠાકોરના ઘર પાસે દરોડો પાડ્યો




હતો. કાનાજી ઠાકોર વરલી-મટકાનો અડ્ડો પોતાના ઘર આંગણે જ ચલાવી રહ્યો હતો. એલસીબીની ટીમે કાનાજી ના ઘર આંગણે ચાલી રહેલા વરલી-મટકાના અડ્ડા પર દરોડો પાડીને વરલી મટકાના જુગારના સાહિત્યો સાથે અડ્ડા સંચાલક કાના ઠાકોરને પકડી પાડ્યો હતો. વરલી મટકાનો અડ્ડો ચલાવી રહેલા કાના ઠાકોર ઉપરાંત તેના અન્ય પાંચ ગ્રાહકો પણ એલસીબીની ઝપેટમાં આવી ગયા હતા. એલસીબીની ટીમે ગાંધીનગર નજીક આવેલા આદરજ મોટી ગામના રહેવાસી અડ્ડા સંચાલક કાનાજી ડાહ્યાજી ઠાકોર તથા આ જ ગામમાંથી વરલી રમવા આવેલા ગ્રાહકો ભીખાજી વેલાજી ઠાકોર, જેહાજી ચુંડાજી ઠાકોર, મહેન્દ્રજી બેચરજી ઠાકોર, મહેન્દ્રસિંહ બળદેવજી ચાવડા અને દિપાજી ગોકાજી ઠાકોર મળીને છ શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી રોકડ રૂ.૧૮,૩૮૦ અને ચાર મોબાઈલ મળી કુલ રૂ.૨૪,૮૮૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યુવાનીના ઉંબરે પગ મુકવા સાથે રક્તદાનનો પ્રારંભ કર્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આજે એક નવલોહિયા યુવાને પોતાની પુખ્તતાના ઉંબરે પ્રથમ પગ મુકવા સાથે જ 'રક્તદાન' કરી એક પ્રેરક ઉદાહરણ પુરૂ પાડ્યું છે. આ સાથે યુવાને હવે દર વર્ષે જન્મદિને રક્તદાન અચૂક કરશે તેવો નિર્ધાર જાહેર કર્યો છે.



ગાંધીનગરના દેવમ જયેશભાઈ પટેલ નામના યુવાનનો આજે ૩જી જાન્યુઆરીએ જન્મ દિવસ હતો અને તે સાથે તેણે ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હતા. પોતાના જન્મ દિવસની ઉજવણી દેવમે સેકટર-૧૬માં આવેલ શ્રદ્ધાદિપ લેબોરેટરી ખાતેની બ્લડ બેંકમાં રક્તદાન સાથે કરી હતી. દેવમ અત્યારે ધોરણ-૧૨ સાયન્સ પાસ કરી તબીબીક્ષેત્રે પ્રવેશ મેળવવા નીટની પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યો છે.

આશરે એક વર્ષ પૂર્વે તેના દાદાને કિડનીના ડાયાલીસીસની સારવાર સમયે તાત્કાલિક લોહીની જરૂર પડી હતી અને તે સમયે લોહી સામે લોહી આપવુ પડે તે સીસ્ટમ દેવમની જાણમાં આવી હતી. બસ ત્યારથી તેણે નિર્ધાર કર્યો હતો કે હું પુખ્ત થતાં જ રક્તદાન કરીશ જેથી જરૂરિયાતમંદને અણીના સમયે રક્ત મળી રહે. ઉલ્લેખનીય છે કે દેવમના પિતા સે. ૨૨માં સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર છે જ્યારે માતા અનિતાબેન ભાજપના અગ્રણી કાર્યકર છે.

# લીંબોદરા પાસે નાયબ મુખ્યમંત્રીના હસ્તે અસાઈત ભવનનું લોકાર્પણ યોજાશે

ગાંધીનગરના જિલ્લાના લીંબોદરા પાટીયા પાસે તૈયાર થયેલ અસાઈત ભવનનું લોકાર્પણ તારીખ ૬ જાન્યુઆરી ના રોજ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન ભાઈ પટેલ ના હસ્તે યોજાવાનું હોવાથી તડામાર તૈયારી ઓ ચાલી રહી છે. નાયક, ભોજક અને વ્યાસ સમાજ માટે ગૌરવ રૂપ પ્રસંગે ગુજરાત ના અસાઈત વંશજ નું સ્નેહ મિલન પણ આયોજિત કરાયું છે. જેમાં તારક મહેતા કા ઉલટા ચશ્માંના નટુ કાકા ઉર્ફે ઘનશ્યામ નાયક, જાણીતા ગાયક અને મ્યુઝીક ડિરેક્ટર જયકર ભોજક, મોટી વેટર સંજય રાવલ, ધારાસભ્ય શભુજી ઠાકોર, બળદેવ ઠાકોર હાજરી આપશે.

અસાઈત સેવા સંસ્થાનના પંકજભાઈ નાયક (દઢીયાળ) દ્વારા જમીન દાન અને સમગ્ર ભવન નિર્માણ માટે રૂપિયા એક કરોડનો ખર્ચ એકલા હાથે ઉપાડી નવનિર્મિત ભવન સમાજને લોકાર્પણ કરવાનું હોવાથી સમગ્ર ગુજરાતના નાયક, ભોજક અને વ્યાસ ભાઈ, બહેનોમાં ઉત્સાહ વ્યાપ્યો છે. આ ઉપરાંત અસાઈત ગૌરવ ગાથા, ભવાઈ વેશ, સામાજિક નાટક 'માં બાપ ને ભૂલશો નહીં' સહિતના કાર્યક્રમનું આયોજન કરાતા સમગ્ર અસાઈત ટિમ કાર્યક્રમને સફળ બનાવવામાં કામે લાગી છે.



ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ગેજીયા) દ્વારા તા.૧૫-૧૨-૨૦૧૮થી ૨-૧-૨૦૧૯ દરમ્યાન GEZIA Inter Sprot Tournament 2018-19 આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વોલીબોલ ટુર્નામેન્ટની ૧૦ ટીમોએ ભાગ લીધો હતો તેમાં લીગલ કાર ઈ-૧૪૩ ફાઈનલ વિજેતા તરીકે જ્યારે રનર્સપ તરીકે ભવાની ઈલેક્ટ્રોનિક્સ બી-૧૯૨ જાહેર કરવામાં આવી હતી અને તેમાં બેસ્ટ પ્લેયર્સ તરીકે લીગલ કારના શ્રી દિલિપસિંહ ચૌહાણ અને બેસ્ટ નેટી તરીકે ભવાની ઈલેક્ટ્રોનિક્સના શ્રી કુપલ પટેલ ને ગેજીયા દ્વારા મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સિનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા અમૃત મહોત્સવ કાર્યક્રમ યોજાયો

સિનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા તા. ૩૧ ડિસેમ્બરને સોમવારના રોજ સેકટર-૭ સમસ્ત લેઉવા પટેલ સમાજવાડી ખાતે અમૃત મહોત્સવ યોજાયો હતો. આ મહોત્સવમાં સમારંભના પ્રમુખ તરીકે સિસિકાના સ્થાપક અને વરિષ્ઠ સભ્ય વિષ્ણુ પ્રસાદ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા વિષ્ણુપ્રસાદનું ફુલછડી અને શાલ અર્પણ કરી સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રાર્થના કરવામાં આવી હતી. જયારે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર ભાઈઓનું તેમજ ૭૦ વર્ષ પૂર્ણ કરનાર બહેનોનું તેમજ લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતિઓના સન્માન પત્રનું વાંચન સંસ્થાના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. દરેક વડીલ ભાઈ બહેનોનું સન્માન સમારંભના પ્રમુખ વિષ્ણુ પ્રસાદ વ્યાસના હસ્તે ફુલછડી, સન્માન પત્ર અને શાલ ઓઢાડીને કરાયું હતું. અંતે સુમંતભાઈ શાહ તેમજ પ્રવિણભાઈ ઉપાધ્યાયએ પ્રસંગને અનુરુપ પોતાના વકતવ્યો રજુ કર્યા હતા. આ અમૃત મહોત્સવમાં મોટીસંખ્યામાં સંસ્થાના હોદેદારો તેમજ સભ્યો હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રકુમાર શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.



સેકટર-૩ ન્યુ શિવશકિત ચોક ખાતે ઉત્તરાયણ નિમિત્તે ઉર્મિલાબેન પટેલ, ભગવતીબેન પ્રજાપતિ, કોકિલાબેન પટેલ, ભાવનાબેન ત્રિવેદી, યોગીનીબેન દવે, મીનાબેન પટેલ, નયનાબેન પટેલ, વીણાબેન વૈષ્ણવ, પ્રવિણાબા રાણા, ચંદ્રિકાબેન ગઢવી, કેતાબેન દરજી, વીણાબેન પટેલ, રક્ષાબેન પટેલ, રમીલાબેન પ્રજાપતિ સૌ બહેનોએ ભેગા મળી કૂતરા માટે લાડુ બનાવી વિતરણ કર્યું હતું.

# ચાર વર્ષથી નાસતો ફરતો બુટલેગર ચંદ્રાલા પાસેથી પકડાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર એસઓજીની ટીમે ચોક્કસ બાતમીના આધારે ચિલોડા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં ચાર વર્ષથી નાસતા-ફરતા બુટલેગરને ચંદ્રાલા પાસેની આગમન હોટલ નજીકથી પકડી પાડયો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે તેને દબોચી લઈ તેની અટકાયત કરી ચિલોડા પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.



ગાંધીનગર એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આવા આરોપીઓની યાદી બનાવી તેમને પકડી પાડવા બાતમીદારો સક્રિય કર્યા છે. દરમિયાન પી.એસ.આઈ વી.કે.રાઠોડની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ચિલોડા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો રાજસ્થાનના ડુંગરપુર કલ્યાણપુર વિસ્તારનો આરોપી માન્યાવિર ઉર્ફે મયુર પૃથ્વી ઝાલા ચંદ્રાલા ખાતે આગમન હોટલ પાસે ઉભો છે. આ બાતમીના આધારે તેમની ટીમ હોટલ પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને તેને હોટલ પાસેથી દબોચી લેવામાં આવ્યો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે આ ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત કરી ચિલોડા પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# રાયપુરમાં પરિણીતાએ શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કર્યું

### શારીરિક-માનસિક ત્રાસ આપતા પતિ અને સસરા સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ ગુનો દાખલ

ગાંધીનગર, તા.૩

ડભોડા નજીક આવેલા રાયપુર ગામમાં રહેતી પરિણીતાએ પોતાની સાસરીમાં ૩૧ ડિસેમ્બરે અગ્નિસ્નાન કરી આપઘાત કરી લીધો હતો. શરીરે કેરોસીન છાંટી દીવાસળી ચાંપી આપઘાત કરી લેનાર પરણિતાનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. આ પ્રકરણમાં મૃતકના કાકાએ ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી છે. પતિ અને સસરાના ત્રાસથી કંટાળીને પરિણીતાએ આપઘાત કર્યો હોવાની ફરિયાદ આપતા પોલીસે આપઘાતના દુષ્પ્રેરણ બદલ બંને સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા વાસણા રાઠોડ ગામમાં રહેતા જશવંતભાઈ પસાજી બારૈયાએ ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જશવંતભાઈ બારૈયાની ભત્રીજી રૂપલના લગ્ન પાંચ વર્ષ પહેલા ડભોડા નજીક આવેલા રાયપુર ગામમાં રહેતા અજય રમેશજી સોલંકી સાથે થયા હતા. રૂપલની માતાનું ૨૦ વર્ષ પહેલા મૃત્યુ થયું હતું, ત્યારથી તેના પિતાની માનસિક સ્થિતિ ખરાબ થઈ ગઈ હોવાથી તેમની દેખરેખ તથા સારસંભાળ જશવંતભાઈ રાખે છે. જશવંતભાઈની ભત્રીજી રૂપલના અજય સોલંકી સાથે લગ્ન થયા બાદ અત્યારે તેમને સાત માસનો દીકરો પણ છે. જોકે રૂપલના સાસરીયામાં તેના પતિ અજય સોલંકી સસરા રમેશ કાનાજી સોલંકીની ચઢામણીથી રૂપલને અવાર-નવાર મેણા-ટોણા મારીને મારઝુડ કરી ત્રાસ આપતા હતા. નવરાત્રિ દરમિયાન પણ તેમની વચ્ચે દિકરો રડતો હોવા જેવી નજીવી બાબતે બોલાચાલી થઈ હતી અને પતિ અજયે પત્ની રૂપલને મારી હતી. સમાધાન કરીને ત્યાર બાદ રૂપલને ફરી સાસરીમાં લઈ જવામાં આવી હતી. ત્યારબાદ ફરી તેના ઉપર ત્રાસ ગુજારવાનું ચાલુ રાખ્યું હતું અને આખરે કંટાળી ગયેલી ૩૧ ડિસેમ્બરે રાયપુર ગામમાં પોતાની સાસરીમાં જ શરીરે કેરોસીન છાંટી દિવાસળી ચાંપી દઈ અગ્નિ સ્નાન કરી લીધુ હતુ. તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવેલી રૂપલનુ બીજે દિવસે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યુ હતું. આ મામલે મૃતક રૂપલના કાકા જશવંતભાઈ બારૈયાએ ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે મૃતકના પતિ અજય રમેશભાઈ સોલંકી અને સસરા રમેશ કાનાભાઈ સોલંકી સામે શારીરિક માનસિક ત્રાસ આપી પરિણીતાને આપઘાત કરવા મજબૂર કરવાનો ગુનો દાખલ કરીને બંનેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગ્રામ વિકાસ એજન્સીના છુટા કરાયેલા કર્મચારીઓને પરત લેવા ગુજરાત જન જાગૃતિ મંચ દ્વારા આવેદનપત્ર

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં કામગીરી માટે વિશ્વ એન્ટરપ્રાઈઝ દ્વારા કરાર આધારીત કર્મચારીઓ પુરા પાડવામાં આવે છે. ત્યારે વિશ્વ એન્ટરપ્રાઈઝ દ્વારા તા. ૩૧-૧૨-૧૮ના રોજ તમામ કર્મચારીઓને ફરજ મુકત કરવા આદેશ કર્યો છે. ત્યારે યુવાનોને રાતોરાત ફરજ મુકત કરવામાં આવતા અન્યાયની લાગણી અનુભવી રહ્યા છે. અચાનક આ પ્રકારનો નિર્ણય યુવાનોની આર્થિક અને સામાજીક વ્યવસ્થા પર અસર કરી શકે છે. તેથી જયાં સુધી નવી એજન્સી નિયુકત કરવામાં ન આવે ત્યાં સુધી આ યુવાનોને ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સીધી નિયુકતી આપવામાં આવે તે માટે ગુજરાત જનતા જાગૃતિ મંચના નેજા હેઠળ ગ્રામ વિકાસ કમિશનરને આવેદન પત્ર આપી યોગ્ય કરવા રજુઆત કરાઈ છે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની શરતોનું પાલન કરવામાં વિશ્વ એન્ટરપ્રાઈઝ નિષ્ફળ ગઈ છે. કર્મચારીઓને આપવાના થતા લાભોમાં ઈએસઆઈ, ઈપીએફ તેમજ બોનસ આપવાનું રહેશે. અને નિયમ મુજબ કપાત કરવાની રહેશે. તે ઉપરાંત થર્ડ પાર્ટી વિમો લેવાનો રહેશે. આ તમામ નિયમનો ભંગ કરવામાં આવેલ છે. જેને પગલે દરેક કર્મચારીને ઈએસઆઈ, ઈપીએફ અને બોનસની કાપવામાં આવેલી રકમ પરત કરવી તેમજ વિશ્વ એન્ટરપ્રાઈઝ સામે કાયદેસરની કાર્યાવાહી કરવામાં આવે તેમ ગુજરાત જન જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંત ભારતીયએ જણાવ્યું છે.

### પ્રેક્ષાભારતી ખાતે ગરીબ કલ્યાણ મેળામાં

# ૩ હજારથી વધુ લાભાર્થીઓને ૩ કરોડથી વધુ રકમની સાધન-સહાયનું વિતરણ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા કક્ષાના



પ્રેક્ષા ભારતી, કોબા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર અને મહાનુભાવોના હસ્તે ૩,૦૯૪ લાભાર્થીઓને રૂપિયા ૩ કરોડ ૬૪ લાખથી વધુ રકમની સાધન- સહાયનું હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું હતું.

શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે ગરીબોને સાધન સહાયનો આધાર આપીને આર્થિક સક્ષમતા બક્ષવાનો નક્કર પ્રયાસ કર્યો છે. છેલ્લા એક દાયકાથી ગરીબોના કલ્યાણ માટે ગરીબ કલ્યાણ મેળા નામનો સેવાયજ્ઞ શરૂ કર્યો છે. ગરીબોના હક્કની વિવિધ યોજનાઓની સાધન-સહાય કોઈ પણ જાતના વચેટિયા વગર સીધેસીધા તેમના હાથમાં પહોંચાડી છે. દસ તબક્કામાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળા થકી સમગ્ર રાજયમાં ૧ કરોડ ૩૪ લાખથી વધુ લાભાર્થીઓને રૂપિયા ૨૩,૮૮૯ કરોડની સાધન- સહાયનો લાભ આપવામાં આવ્યો છે. એક દાયકાના સમયમાં ગાંધીનગર જિલ્લામાં ૧ લાખ ૯૩ હજારથી વધુ લાભાર્થીઓને રૂપિયા ૨૭, ૪૩૩ લાખની સાધન સહાય હાથોહાથ વિતરણ કરવામાં આવ્યું છે.



રાજયના આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિભાઈ અમીને જણાવ્યું હતું કે, રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક દાયકા પહેલા રાજયના જરૂરિયાતમંદોને ગરીબ કલ્યાણ મેળા થકી સરકારની વિવિધ સહાય યોજનાઓના લાભ હાથોહાથ આપવાનો આરંભ કર્યો હતો.

મહાનુભાવોનું સ્વાગત કરીને જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, આજના ગરીબ કલ્યાણ મેળામાં એક જ દિવસમાં ગાંધીનગરના ૩ હજારથી વધુ લાભાર્થીઓને રાજય સરકારની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો છે. તેમજ લાભાર્થીઓ ઘરેથી સરળતાથી આવી શકે તેમજ તેમને મળેલી સહાયની ચીજ- વસ્તુઓ સાચવીને તેમના ઘર સુધી પહોંચી શકે તેની કાળજી પણ લેવામાં આવી છે.

આ મેળામાં ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ, ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબેન વાઘેલા, ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાવિત્રીબાઈ ફુલેના જન્મદિનને બાલિકા જ્ઞાન દિવસ ઉજવવા માંગ

ગાંધીનગર, તા.૩

સમાજ સુધારક શ્રીમતી સાવિત્રીબાઈ ફુલેની જન્મ તારીખ ૩ જાન્યુઆરીને ભારતની પ્રથમ શિક્ષિકા નિમિતે ગુજરાત સરકાર દ્વારા બાલિકાજ્ઞાન દિવસ તરીકે ઉજવવા ડો.ભીમરાવ એકતા સમિતિ ગાંધીનગર દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી માંગ કરી છે. ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા અને બાળાઓ માટે ૧૮૪૮માં પૂણેમાં પ્રથમ મહિલા શાળા શરુ કરનાર એવા સમાજ સુધારક શ્રીમતી સાવિત્રીબાઈ ફુલેનો જન્મ તા. ૩-૧-૧૮૩૧ માં મહારાષ્ટ્રના નાયગામમાં થયો હતો. તેમને મરાઠી કાવ્યોના પ્રણેતા તરીકે નવાજવામાં આવ્યા હતા. ૧૮૫૨માં તેમણે ભારતની દિકરીઓ માટે મહિલા શાળાની સ્થાપના કરી હતી.

તેમણે એક વિધવા બ્રાહ્મણના દિકરાને દત્તક લીધો હતો તેમના જન્મ દિવસ ૩ જાન્યુઆરીને બાલિકા જ્ઞાન દિવસ તરીકે આપણી રાજય સરકાર દ્વારા હસ સાલ ઉજવવામાં આવે તેમજ રાજયના પાઠ્ય પુસ્તકોમાં તેમના વિષેની સવિષેશ માહિતી આપવામાં આવે તેવી માંગ સાથે ડો.ભીમરાવ એકતા સમિતિ ગાંધીનગર દ્વારા માંગ કરાઈ છે.